**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૩૧/૦૧/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૩/૧૮**

**અમરાઈવાડી પોલીસ સ્ટેશન**

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબની સુચના તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડિવિઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અમરાઇવાડી પો.ઇન્સ. ઓ.એમ.દેસાઇ તથા પ્રો.પો.સબ.ઇન્સ.સી.પી.રાવ તથા ના.પો.કમિ.ઝોન-૫ સ્કોર્ડ ના પો.સ.ઇ.એમ.એચ.યાદવ તથા સ્ટાફ ના માણસો એ અમરાઇવાડી નાગરવેલ નટરાજ ગેસ્ટહાઉસ માં રેઇડ કરી કબજેદાર રણજીતસિંહ રમણસિંહ રાઠોડ તથા મેનેજર તથા આઠ પુરૂષ ગ્રાહકો તથા છ રૂપલલનાઓ સાથે આજરોજ તા.૩૦/૧/૧૮ ના કલાક ૨૦/૨૫ વાગે નટરાજ ગેસ્ટહાઉસ માં વૈશ્યાવૃતી ની અનૈતિક પ્રવૃતી ચલાવતા રેઇડ દરમ્યાન કુલ ૧૦ ઇસમો નાણા રૂ.૩૦૬૭૦/- તથા મો.ફોન નંગ-૧૦ કિ.રૂ.૨૬૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૬૬૭૦/- ની મતા સાથે પકડી પાડી તેઓના વિરુધ્ધ અનૈતિક વ્યાપાર (નિવારણ) અધિનિયમ ૧૯૫૬ ની કલમ -૩,૪,૫,૯ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**મિલ્કત/શરીર સબંધી**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૯૧/૨૦૧૮ તા.૩૦/૦૧/૨૦૧૮ પાસા અટકાયતી નામે દિલીપકુમાર સ/ઓ ઉદયશંકર જાતે- કુરીલ ઉ.વ-૨૦ રહે, મ.નં.-૧, ગણેશનગર શાહવાડી ગામ નારોલ વટવા અમદાવાદ શહેર મુળ વતન ગામ-ઉન્નાવ જી-રાયબરેલી ઉત્તરપ્રદેશ નાઓના વિરુધ્ધમાં સરખેજ પો.સ્ટે. મિલ્કત સબંધી તથા વટવા પો. સ્ટે. શરીર સબંધી દાખલ થયેલ ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૩૦/૦૧/૨૦૧૭ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

# ઇંગ્લીશ દારૂનો ક્વોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેર રીતે ચાલતા પ્રોહિ/જુગારના કેસો શોધી કાઢવા સુચના મળતા તેમજ સિનિયર સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા સુએઝ ફાર્મ રોડ બાવાના હવાળા પાસે જાહેર રોડ આવતા સાથેના પો.કો.જગદીશકુમાર ગણેશભાઇ તથા પો.કો.સફીકએહમદ સિરાજએહમદનાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપીઓ <u>નં.**(૧) સમીરખાન સ/ઓ અશરફખાન હબીબખાન પઠાણ ઉ.વ.૩૧ રહે : મ.નં.૭૮ બાગેમસીરા સોસાયટી ગજાલા ફાર્મની પાસે જુહાપુરા અમદાવાદ શહેર મુળ વતન ગામ સોની તલાવડી હરીભાઇ દુધવાળાની શેરી ધ્રાંગન્ધ્રા તા. ધ્રાંગન્ધ્રા જિ.સુરેન્દ્રનગર તથા (૨) જાકીરભાઇ સ/ઓ અનવરભાઇ ઉસ્માનભાઇ શેખ ઉ.વ.૨૪ રહે : રહેમતી મહોલ્લો અલ્લાનગર બહેરામપુરા અમદાવાદ શહેર**</u>નાઓને તેમના કબજાની **સ્વીફટ ડિઝાયર કાર નં.જીજે.૦૧.આર.એસ.૮૪૭૩ કિ,રુ,૬,૦૦,૦૦૦/** ની મતામાં **વગર પાસ પરમીટની ગેરકાયદેસર બિયરના ટીન નંગ-૧૨૦૦/ કુલ્લે કિ,રુ.૧,૨૦,૦૦૦/** ની મતાના જુબેર ઉર્ફે કાલુ વાહિદ રહે : પાલડી અમદાવાદ શહેરનાની પાસેથી લાવી પોતાના કબજામાં રાખી લઇ સેમસંગ મોબાઇલ ફોન નંગ-૧ કિ,રુ,૧૦૦૦/ મળી <u>**કુલ્લે કિ,રુ,૭,૨૧,૦૦૦/**</u> ના મુદામાલ સાથે પકડી લઇ જુબેર ઉર્ફે કાલુ વાહિદ રહે : પાલડી અમદાવાદ શહેરનાને વોન્ટેડ બતાવી કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહિબિશનનો ક્વોલીટી કેસ શોધી કાઢેલ છે.

<u>પેસેન્જરને રિક્ષામા બેસાડી નજર ચુકવી ચોરી કરતા ચોર ઇસમને પકડી લેતી</u>

<u>કાલુપુર પોલીસ</u>

મે. વિશેષ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સે-૧ સાહેબ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી તથા મે. એ.સી.પી. સાશ્રી 'ડી' ડિવિજન તથા કાલુપુર સિનિયર પો. ઇન્સ શ્રી આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એન.બી.સોલંકી તથા સાથેના પો.કો. મોહસિન યાસિનભાઇ તથા પો.કો. ભરતકુમાર નાનજીભાઇ નાઓને મળેલ ખાનગી બાતમી આધારે કાલુપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં ૧૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે આરોપી અશોકભાઇ વિઠ્ઠલભાઇ ઠાકોર ઉ.વ. ૪૪ રહે- ઠાકોરવાસ અલઅમિન હોસ્પિટલની બાજુમા, ખાનપુર અમદાવાદ નાને કાલુપુર, સારંગપુર સર્કલ પાસે જાહેર રોડ પરથી પકડી અંગ ઝડતી તપાસ કરતા ગુનાના કામે ચોરેલ HP કંપનીનુ PROBOOK 450 G-2 મોડલનુ લેપટોપ જેનિ સીરીયલ નં CND4509QMK તથા P.NO.L4Q32PA નો છે જેની કિ.રૂ ૪૩૬૨૦/- ગણાઇ તથા CNG રિક્ષા રજી. નંબર GJ 1 DV 2695 જેની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- ગણી ગુનાના કામે પંચનામાની વિગતે કબ્જે કરેલ છે અને સદર આરોપીને ઉપરોક્ત ગુનામા આજરોજ તા. ૩૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૨/૦૦ વાગ્યે અટક કરવામા આવેલ છે અને હાલમા તપાસ ચાલુ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**